# BUSINESS મિત્ર

રૂપિયામાં રીકવરી: ફેડરલ રિઝર્વની ડિસેમ્બરની બેઠકની મીનીટસ પર નજર

# બેઉતરફી વધઘટે સેન્સેક્સ-નિફ્ટી નજીવા ઘટ્યા

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 30:** નિફ્ટી વીકલી એક્સપાયરીના પગલે આજે ભારતીય શેરબજાર અસ્થિર જોવા મળ્યું હતું. છેલ્લે સેન્સેકસ અને નિફ્ટી નજીવા ઘટાડા સાથે બંધ રહ્યા હતા. વિદેશી રોકાણકારો દ્વારા સતત વેચાણ અને નબળા વૈશ્વિક સંકેતોએ બજારના સેન્ટિમેન્ટ પર દબાણ રાખ્યું હતું. આ સિવાય ફેડરલ રિઝર્વની ડિસેમ્બરની બેઠકની મીનીટસ જાહેર થાય તે પહેલા જ રોકાણકારો સાવચેત દેખાયા હતા. આ રિપોર્ટ અમેરિકામાં વ્યાજદરોની હિલચાલનો સંકેત આપશે.

સેકટર વાઇઝ જોઇએ તો મિશ્ર વલણ રહ્યું હતું. મેટલ ઇન્ડેક્સ અને પીએસયુ બેન્ક ઇન્ડેક્સ સુધારા સાથે બંધ રહ્યા હતા. જે 2 ટકાની આસપાસ વધ્યા હતા. જ્યારે ઓટો ઇન્ડેક્સ એક ટકા વધ્યો હતો. બીજી તરફ, આઇટી, રિયલ્ટી, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, હેલ્થકેર, ડિફેન્સ સેકટરના શેરોના અડધાથી એક ટકાનો ઘટાડો નોંધાયો છે.

બીએસઇ લિસ્ટેડ કંપનીઓનું કુલ માર્કેટ કેપ ઘટીને રૂ. 471.93 લાખ કરોડ પર પહોંચ્યું હતું. આમ, રોકાણકારોની સંપત્તિમાં રૂ. 22 હજાર કરોડનો ઘટાડો નોંધાયો છે. આજના કારોબારના દિવસ દરમ્યાન 108 શેરો બાવન વીકની ઉંચાઇએ પહોંચ્યા હતા, તેજ સમયે 195 શેરોએ બાવન વીકની સપાટી નીચલા સ્તર પર હતી.

બીએસઇ સેન્સેક્સ 20.46 પોઇન્ટ એટલે કે 0.02 ટકા ઘટીને 84675.08 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઇન્ટ્રાડેમાં સેન્સેકસ 84806 પોઇન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 84470 પોઇન્ટના સ્તરે બંધ રહ્યો હતો. નિફ્ટી 3.25 પોઇન્ટ ઘટીને 25938.85 પોઇન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઇન્ટ્રાડેમાં નિફ્ટી 25976 પોઇન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 25878 પોઇન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 238.90 પોઇન્ટ એટલે કે 0.41 ટકા 59171.25 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઇ ખાતે પારાદીપ ફોસ્ફેટસ 5.14 ગણા, વિશાલ મેગા માર્ટ 3.47 ગણા, હોનાસા કન્ઝ્યુમર 3.14 ગણા, રાષ્ટ્રીય કેમિકલ્સ 2.21 ગણા, બોમ્બે બર્મા ટ્રેડીંગ કોર્પોરેશન 2.11 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે હોનાસા કન્ઝ્યુમર 27.19 ગણા, કેપલીન પોઇન્ટસ 8.98 ગણા, બોમ્બે બર્મા ટ્રેડિંગ કોર્પોરેશન 8.61 ગણા, એસ્ટ્રાઝેનેકા ફાર્મા 5.47 ગણા અને મહારાષ્ટ્ર સીમલેસ 5.33 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં ખરાબ પ્રદર્શન જોવાયું હતું. જે લાર્જકેપ શેરોની સરખામણીએ મિડકેપ અને સ્મોલકેપ શેરો વધુ નબળા રહ્યા હતા. બીએસઇ મિડકેપ ઇન્ડેક્સ 0.05 ટકા અને સ્મોલકેપ ઇન્ડેક્સ 0.20 ટકા ઘટ્યો હતો. બીએસઇ માર્કેટ બ્રેડથ નેગેટિવ રહ્યા હતા. બીએસઇ ખાતે 1936 શેરો વધ્યા હતા, જ્યારે 2252 સેરો ઘટ્યા હતા અને 171 શેરો યથાવત રહ્યા હતા.

મેટલ શેરોમાં સુધારો જોવાયો હતો. નિફ્ટી મેટલ ઇન્ડેકસ 2.03 ટકા વધ્યા હતા. જેમાં હિન્દુસ્તાન કોપર, જિન્દાલ સ્ટેનલેસ, નેલ્કો, સેઇલ, એનએમડીસી, જિન્દાલ સ્ટીલ, હિન્દાલ્કો, વેદાન્તા, ટાટા સ્ટીલ અને જેએસડબલ્યુ સ્ટીલ ઉછળ્યા હતા.

વૈશ્વિક સ્તરે એઆઇ બબલની દહેશત વચ્ચે વોલસ્ટ્રીટ પર ટેક વેચવાલી ચાલુ રહ્યા પછી મંગળવારે યુરોપિયન બજારો આગળ વધ્યું હતું, જ્યારે એસિયન બજારો મિશ્ર રહ્યા હતા. વિશ્વની બીજી સૌથી મોટી અર્થવ્યવસ્થાએ સોમવારે નવી કવાયતની જાહેરાત કર્યા બાદ રોકાણકારો તાઇવાનની આસપાસ ચીનની લશ્કરી કવાયત પર ધ્યાન કેન્દ્રીત કરશે.

બીજી તરફ, ચાંદી રાતોરાત પ્રથમ વખત ઔંસ દીઠ 80 ડોલર સુધી પહોંચ્યા બાદ 6 ટકાથી વધુ પાછું ખેંચી લીધું હતું. આ એટલા માટે આવે છે કે કારણ કે કિંમતી ધાતુએ 2025માં મોટાપાયે રન અપ કર્યુ છે, જે વર્ષના સૌથી ગરમ વેપારમાંનું એક બનવા લગભગ 150 ટકા વધ્યું છે.

યુરોપિયન બજારોમાં એફટીએસઇ 0.40 ટકા, કેક 0.58 ટકા અને ડેક્સ 0.93 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે. જ્યારે એશિયન બજારોમાં સ્ટ્રેઇટસ 0.47 ટકા, હેંગસેંગ 0.77 ટકા, જકાર્તા 0.03 ટકા અને શાંઘાઇ સપાટ બંધ રહ્યા હતા. જ્યારે નીક્કી 0.21 ટકા, તાઇવાન 0.36 ટકા, કોસ્પી 0.15 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા.

## રૂપિયામાં સુધારો જોવાયો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 30:** કરન્સી બજારમાં ડોલર 90ને ટચ કરી રહ્યો હતો, ત્યારે આજે કારોબાર દરમ્યાન 90ની નજીક ખુલ્યો હતો, પણ છેલ્લે સુધારા સાથે બંધ રહ્યો હતો. આજે ડોલરની સામે રૂપિયો 20 પૈસાની રીકવરી જોવા મળી હતી અને છેલ્લે 89.79ના સ્તરે બંધ રહ્યા હતા. જ્યારેગ ત સેશન ડોલરની રૂપિયો 89.99ના સ્તરે બંધ રહ્યા હતા. અન્ય કરન્સીઓમાં યુરો 105.63, પાઉન્ડ 121.33, કેનેડિયન ડોલર 65.54, ઓસ્ટ્રેલિયન ડોલર 60.16, જાપાનીઝ યેન 0.5752 અને સીંગાપોર ડોલર 70.14ના સ્તરે બંધ રહ્યા હતા.

| ફોરેક્સ બજાર | |
|---|---|
| ડોલર | 89.79 રૂ. |
| યુરો | 105.63 રૂ. |
| પાઉન્ડ | 121.33 રૂ. |
| યેન | 0.5751 રૂ. |

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | -20.46 | 84675.08 |
| નિફ્ટી | -3.25 | 25938.85 |
| બેન્ક નિફ્ટી | 238.90 | 59171.25 |

**નિફ્ટી – ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| શ્રીરામ ફાઇનાન્સ | 2.50 | 979.40 |
| હિનાદ્લ્કો | 2.21 | 884.15 |
| બજાજ ઓટો | 2.15 | 9282.00 |
| ટાટા સ્ટીલ | 2.03 | 175.80 |
| મહિન્દ્રા-મહિન્દ્રા | 1.90 | 3660.30 |

**નિફ્ટી – ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| મેક્સ હેલ્થકેર | 2.19 | 1040.80 |
| ઇટર્નલ | 2.03 | 277.10 |
| ઇન્ફોસીસ | 1.40 | 1621.60 |
| ટાટા કન્ઝ્યુમર | 1.36 | 1179.00 |
| અપોલો હોસ્પિટલ | 1.33 | 6990.00 |

**સેન્સેક્સ – ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટાટા સ્ટીલ | 2.03 | 175.75 |
| મહિન્દ્રા-મહિન્દ્રા | 2.00 | 3663.50 |
| બજાજ ફિનસર્વ | 1.66 | 2045.10 |
| એક્સીસ બેન્ક | 1.13 | 1246.00 |
| એસબીઆઇ | 0.88 | 973.30 |

**સેન્સેક્સ – ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઇટર્નલ | 2.10 | 277.00 |
| ઇન્ટરગ્લોબ | 1.37 | 5015.85 |
| ઇન્ફોસીસ | 1.28 | 1624.40 |
| એચસીએલ ટેક્નો | 0.52 | 1621.65 |
| બજાજ ફાઇનાન્સ | 0.76 | 990.00 |

# 17 કંપનીઓના શેર બાયબેક પ્રાઇસથી 57 ટકા સુધી ઘટ્યા

**ઇન્ફોસિસ**, તાનલા સહિતની કંપનીઓના બાયબેક પ્રાઇસથી ભાવ નીચે ચાલી રહ્યા છે

મુંબઇ, તા. 30: પીઢઆઇટી કંપની ઇન્ફોસિસે તાજેતરમાં દેશમાં સૌથી મોટા શેર બાયબેકની જાહેરાત કરી છે. કંપનીએ શેર દીઠ રૂપિયા 1800ના ભાવે ટેન્ડર ઓફર દ્વારા 18000 કરોડના બાયબેકને મંજૂરી આપી હતી. આમ છતાં, ઇન્ફોસિસના શેર લગભગ રૂપિયા 1635થી 1656ની રેન્જમાં ટ્રેડ કરી રહ્યા છે, એટલે કે, તેઓ હજી પણ બાયબેક ભાવથી નીચે છે.

સામાન્ય રીતે, બાયબેકની જાહેરાત પછી, શેરોમાં મજબૂતી જોવા મળે છે, પરંતુ ઇન્ફોસિસના કિસ્સામાં આવું થયું નથી.

ઇન્ફોસિસ એકમાત્ર એવી કંપની નથી જેનો શેર બાયબેક કિંમતથી નીચે ટ્રેડ કરી રહ્યો છે. એવી ઘણી કંપનીઓ છે જેમણે અગાઉ બાયબેકની જાહેરાત કરી હતી, પરંતુ તેમના શેર હાલમાં તે સ્તરથી નીચે છે.

સેરા સેનિટરીવેરે શેર દીઠ રૂપિયા 12000 પર બાયબેક નક્કી કર્યું હતું, પરંતુ અત્યારે શેર તે સ્તરથી ઘણો નીચે છે. રસપ્રદ વાત એ છે કે, આ સેરા સેનિટરીવેરનું પ્રથમ બાયબેક હતું. કંપનીએ છેલ્લે 2010માં 1:1ના ગુણોત્તરમાં બોનસ શેર ઓફર કર્યા હતા.

આ તમામ કંપનીઓના શેર તેમના સંબંધિત બાયબેક ભાવથી લગભગ 9 ટકાથી 57 ટકા સુધી નીચે ટ્રેડ કરી રહ્યા છે. ઉદાહરણ તરીકે, સેરા સેનિટરીવેર તેની બાયબેક કિંમત રૂપિયા 12000થી લગભગ 57 ટકા નીચે છે. તે જ સમયે, ઇન્ફોસિસ પણ હજી સુધી 1800ના સ્તરને સ્પર્શ્યું નથી.

તાનલા પ્લેટફોર્મ્સના બોર્ડે રૂપિયા 175 કરોડના શેર બાયબેકને મંજૂરી આપી હતી. આ માટે બાયબેક કિંમત શેર દીઠ રૂપિયા 875 નક્કી કરવામાં આવી હતી. હાલમાં તે 520 રૂપિયાની આસપાસ ટ્રેડ કરી રહ્યો છે.

શેર બાયબેકમાં, કંપની રોકાણકારો પાસેથી તેના પોતાના શેર પાછા ખરીદે છે. રોકાણકારોને રોકડ પરત કરવાની કર-કાર્યક્ષમ રીત માનવામાં આવે છે. બાયબેક્સ બજારમાં ઉપલબ્ધ શેરોની સંખ્યામાં ઘટાડો કરે છે, જે શેર દીઠ મૂલ્યમાં વધારો કરે છે અને લાંબા ગાળે સ્ટોકને ટેકો આપવાની આશા રાખે છે. આ બજારને એક સંદેશ પણ મોકલે છે કે પ્રમોટરોને કંપનીના ભાવિ અને વૃદ્ધિ વિશે વિશ્વાસ છે.

જોકે, બાયબેકની જાહેરાત હંમેશાં ખાતરી આપતી નથી કે સ્ટોક તરત જ સમાન કિંમતે પહોંચશે. બજારની હાલની સ્થિતિ, રોકાણકારોનો વિશ્વાસ અને કંપનીના ફંડામેન્ટલ્સ આ બધા પરિબળો મળીને નક્કી કરે છે કે બાયબેક પછી શેર કઇ દિશામાં જશે. ઇન્ફોસિસ અને સેરા જેવા આ ઉદાહરણો દર્શાવે છે કે બાયબેક હોવા છતાં શેરની કિંમત દબાણ હેઠળ રહી શકે છે.

# 2025માં સ્મોલ કેપ મ્યુચ્યુઅલ ફંડ્સે રોકાણકારોને નિરાશ કર્યા

**29 મ્યુચ્યુઅલ** ફંડસ માંથી 27 ફંડ્સે નકારાત્મક વળતર આપ્યું

મુંબઇ, તા. 30: 2025માં સ્મોલકેપ મ્યુચ્યુઅલ ફંડ્સનું પ્રદર્શન નબળું હતું, મુખ્યત્વે વધેલા વેલ્યુએશન અને કમાણીની નિરાશાને કારણે. નિષ્ણાતો માને છે કે લાંબા ગાળાના રોકાણકારોએ SIP સાથે ચાલુ રાખવું જોઇએ. 2026માં સુધારણા વિશે નિષ્ણાતોના જુદા જુદા મંતવ્યો છે. સ્મોલ કેપ મ્યુચ્યુઅલ ફંડસ 2025માં રોકાણકારો માટે નિરાશાજનક સાબિત થયા હતા. નિષ્ણાતો માને છે કે આનું સૌથી મોટું કારણ ઉચ્ચ મૂલ્યાંકન છે. એટલે કે, તેમના શેરના ભાવમાં અપેક્ષા કરતા ઘણા વહેલા વધારો થયો છે. આ પછી પણ, લાંબા ગાળાના રોકાણકારને આ વિશે ચિંતા કરવાની જરૂર નથી, કારણ કે સમય જતાં વળતરમાં સુધારો થઇ શકે છે. જો કે, જો તમારા પોર્ટફોલિયોમાં સ્મોલ કેપ્સનો હિસ્સો નિશ્ચિત મર્યાદાથી વધુ વધ્યો છે, તો તેને સંતુલિત કરવાની યોગ્ય તક છે. સર્ટિફાઇડ ફાઇનાન્સિયલ પ્લાનરના જણાવ્યા અનુસાર 2025માં સ્મોલ કેપ્સ કરેક્શનના સમયગાળામાંથી પસાર થઇ છે.

2023-2024માં આ ફંડ્સની તીવ્ર વૃદ્ધિએ તેમના વેલ્યુએશનમાં ઘણો વધારો કર્યો હતો. જ્યારે કંપનીઓની કમાણી અપેક્ષા મુજબ આવી ન હતી અને માર્કેટમાં નેતૃત્વમાં ફેરફાર થયો હતો, ત્યારે સ્મોલ કેપ્સમાં તીવ્ર ઘટાડો થયો હતો. નિષ્ણાતના મતે જો તમારા રોકાણનો સમય 7-10 વર્ષ કે તેથી વધુ છે, તો સ્મોલ કેપ ફંડ્સમાં રોકાણ જાળવી રાખવું સમજદારી છે. પરંતુ જો તમારા પોર્ટફોલિયોમાં સ્મોલ કેપ્સનો હિસ્સો તમારા દ્વારા નિર્ધારિત મર્યાદા કરતા વધુ વધ્યો છે, તો તેને સંતુલિત કરવું જોઇએ. આનો અર્થ એ છે કે વધારાના નાણાંને કોર ફંડ્સમાં સ્થાનાંતરિત કરવું.

ચોઇસ વેલ્થના અક્ષત ગર્ગના જણાવ્યા અનુસાર, સ્મોલ કેપ્સ તેમની ટોચ પર 36x પીઇ રેશિયો પર ટ્રેડ કરી રહ્યા હતા, જ્યારે તેમની સરેરાશ 28 ગણી હતી. આનો અર્થ એ થયો કે કિંમતો ખૂબ ઊંચી થઇ ગઇ હતી. જ્યારે નાણાકીય વર્ષ 2026ના બીજા ત્રિમાસિક ગાળામાં સ્મોલકેપ કંપનીઓની આવકમાં માત્ર 1.5 ટકાનો વધારો થયો હતો, જ્યારે મિડકેપમાં 7 ટકાથી 8 ટકાનો વધારો થયો હતો, ત્યારે બજાર ખૂબ જ નિરાશ થયું હતું અને સ્મોલકેપમાં તીવ્ર ઘટાડો થયો હતો. આમ, 29 સ્મોલકેપ મ્યુઅલ ફંડસમાંથી માત્ર બે મ્યુચ્યુઅલ ફંડસે જ પોઝિટિવ રિટર્ન આપ્યું હતું. બાકીનાએ નકારાત્મક વળતર આપ્યું હતું.

# 2026માં ભારતનો GDP વૃદ્ધિ દર 7.4 ટકા થવાની ધારણા : ઈકરા

**વર્ષના** બીજા ભાગમાં વૃદ્ધિની ગતિ થોડી ધીમી પડીને 7 ટકા થઇ શકે

ચાલુ નાણાકીય વર્ષ 2025-26માં ભારતની આર્થિક વૃદ્ધિ વેગ પકડવાની અપેક્ષા છે અને દેશની જીડીપી વૃદ્ધિ 7.4 ટકા રહેવાનો અંદાજ છે, જે અગાઉના નાણાકીય વર્ષ 2024-25માં અંદાજિત 6.5 ટકાની વૃદ્ધિ કરતાં વધુ છે. ઈકરા લિમિટેડના અહેવાલ મુજબ ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ છ મહિનામાં આર્થિક વૃદ્ધિ મજબૂત રહેવાની સંભાવના છે. આ સમયગાળા દરમિયાન જીડીપી ગ્રોથ લગભગ 8 ટકા સુધી પહોંચી શકે છે.

જોકે, વર્ષના બીજા ભાગમાં, વૃદ્ધિની ગતિ થોડી ધીમી પડી શકે છે અને તે ઘટીને 7 ટકા થઇ શકે છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે જો અમેરિકા સાથે વેપાર કરાર ન થાય ત્યાં સુધી બાહ્ય પડકારો, ખાસ કરીને નબળા નિકાસ લાંબા ગાળે અર્થતંત્ર પર અસર કરી શકે છે. ઈકરાના જણાવ્યા અનુસાર, નાણાકીય વર્ષ 2026ના ત્રીજા ક્વાર્ટરમાં આર્થિક પ્રવૃત્તિ સારી હતી. તહેવારોની મોસમમાં માંગ વધવા અને જીએસટીના દરમાં ઘટાડાને કારણે લોકોની ખરીદી વધી છે.

અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે આગામી મહિનાઓમાં ખાણકામ, બાંધકામ અને વીજળીની માંગ વધી શકે છે. વરસાદને કારણે આ વિસ્તારોમાં અગાઉ કેટલીક સમસ્યાઓ હતી, પરંતુ હવે પરિસ્થિતિમાં સુધારો થવાની ધારણા છે. તે જ સમયે, વર્ષના બીજા ભાગમાં નિકાસમાં ઘટાડો વધુ વધી શકે છે, જેના કારણે આર્થિક વૃદ્ધિ પર દબાણ આવી શકે છે. આઇસીઆરએના ચીફ ઈકોનોમિસ્ટ અદિતિ નાયરે જણાવ્યું હતું કે 2025માં આર્થિક વૃદ્ધિ અપેક્ષા કરતા વધુ સારી રહી છે. આનું કારણ સરકારનો મજબૂત નીતિગત સમર્થન હતું. તેમણે કહ્યું કે આવકવેરામાં રાહત, જીએસટી દરમાં ફેરફાર, રેપો રેટમાં 1.25 ટકાનો સંપૂર્ણ ઘટાડો અને બજારમાં પ્રવાહિતા વધારવા જેવા પગલાઓથી માંગને ટેકો મળ્યો છે. તેમણે એમ પણ કહ્યું હતું કે ઓછા ફુગાવાને કારણે ઘરો પર ખર્ચ પરનું દબાણ ઓછું થયું છે અને સારા ચોમાસાના વરસાદથી ખેતીને ફાયદો થયો છે.

# નાની બચત યોજનાઓમાં વ્યાજદરમાં ઘટાડો થઈ શકે

**સરકાર** આજે નિર્ણય લેશે, વ્યાજદર ઘટશે તો પીપીએફ-સુકન્યામાં આકર્ષણ ઘટી શકે

નવી દિલ્હી, તા. 30: દેશના કરોડો રોકાણકારો માટે વર્ષ 2026ની શરૂઆત કેટલાક ફેરફારો સાથે થઇ શકે છે. કેન્દ્ર સરકાર જાન્યુઆરી-માર્ચ 2026 ક્વાર્ટર માટે નાની બચત યોજનાઓના વ્યાજ દરોની સમીક્ષા કરવા જઇ રહી છે. નિષ્ણાતોનું માનવું છે કે આ વખતે પીપીએફ, સુકન્યા સમૃદ્ધિ યોજના અને વરિષ્ઠ નાગરિક બચત યોજના જેવી યોજનાઓના વ્યાજ દરમાં ઘટાડો થઇ શકે છે. નાણાં મંત્રાલય 31 ડિસેમ્બર, 2025 સુધીમાં આ સંદર્ભે સત્તાવાર જાહેરાત કરે તેવી અપેક્ષા છે.

સરકાર નાની બચત યોજનાઓના વ્યાજ દરો નક્કી કરવા માટે 'શ્યામલા ગોપીનાથ સમિતિ'ની ફોર્મ્યુલાનો ઉપયોગ કરે છે. આ અંતર્ગત આ યોજનાઓના દર સરકારી બોન્ડ (જી-સેક)ની ઉપજ પર આધારિત છે. છેલ્લા કેટલાક મહિનામાં 10 વર્ષના સરકારી બોન્ડની યીલ્ડમાં ઘટાડો જોવા મળ્યો છે.

સપ્ટેમ્બર અને ડિસેમ્બર 2025 ની વચ્ચે, તે સરેરાશ 6.54% ની નજીક છે. ફોર્મ્યુલા અનુસાર, તેમાં 0.25 ટકાનો સ્પ્રેડ ઉમેરવાથી પીપીએફ રેટ 6.80 ટકાની આસપાસ હોવો જોઈએ, જ્યારે હાલમાં તે 7.1 ટકા થઈ રહ્યો છે. આ અંતર ઘટાડાની સંભાવના વધારી રહ્યું છે. સરકારે છેલ્લે એપ્રિલ 2024 માં નાની બચત યોજનાઓના વ્યાજ દરમાં ફેરફાર કર્યો હતો.

2025ના વર્ષ દરમ્યાન આરબીઆઇએ રેપો રેટમાં લગભગ 1.25 ટકાનો ઘટાડો કર્યો છે. આ પછી બેંકોએ પણ તેમના એફડી દરમાં ઘટાડો કરવાનું શરૂ કર્યું છે. છૂટક ફુગાવામાં ઘટાડો પણ સરકારને વ્યાજ દર ઘટાડવા માટે પ્રોત્સાહિત કરી રહ્યો છે. સામાન્ય રીતે જ્યારે બજારમાં વ્યાજ દર ઘટે છે, ત્યારે સરકાર પોસ્ટ ઓફિસ યોજનાઓ પરનો બોજ ઘટાડવા માટે દરોમાં પણ સુધારો કરે છે.

# ઇન્ડિગોને રૂ. 458 કરોડથી વધુનો GST દંડ; એરલાઇન નિર્ણયને પડકારશે

**GST** વિભાગ દ્વારા પસાર કરાયેલો આદેશ ભૂલભરેલો અને કાયદા સાથે અસંગત છે : ઇન્ડિગો

નવી દિલ્હી, તા. 30 (પીટીઆઇ) : દેશની સૌથી મોટી એરલાઇન ઇન્ડિગોએ મંગળવારે જણાવ્યું હતું કે અધિકારીઓએ ૪૫૮ કરોડ રૂપિયાથી વધુનો GST દંડ ફટકાર્યો છે અને તે આ નિર્ણયનો વિરોધ કરશે. દિલ્હી દક્ષિણ કમિશનરેટના CGSTના વધારાના કમિશનરે દંડ ફટકાર્યો છે.

નિયમનકારી ફાઇલિંગ મુજબ, તે નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ થી નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે સેન્ટ્રલ ગુડ્સ એન્ડ સર્વિસીસ ટેક્સ એક્ટ, ૨૦૧૭ ની કલમ ૭૪ હેઠળના આકારણી આદેશને લગતો છે. કુલ GST દંડ ૪૫૮,૨૬,૧૬,૯૮૦ રૂપિયા છે.

GST વિભાગે વિદેશી સપ્લાયર પાસેથી મળેલા વળતર અને ઇનપુટ ટેક્સ ક્રેડિટનો ઇનકાર કરવા પર વ્યાજ અને દંડ સાથે GST માંગ લાદવાનો આદેશ પસાર કર્યો છે. કંપની દૃઢપણે માને છે કે GST વિભાગ દ્વારા પસાર કરાયેલો આદેશ ભૂલભરેલો છે અને કાયદા અનુસાર નથી, જે બાહ્ય કર સલાહકારોની સલાહને સમર્થન આપે છે. તે મુજબ, કંપની તેનો વિરોધ કરશે અને ઉપરોક્ત આદેશ સામે યોગ્ય કાનૂની ઉપાયો લેશે.

કંપની નાણાકીય વર્ષ 2017-18 માટે કમિશનર (અપીલ) સમક્ષ સમાન કેસમાં અપીલમાં છે એવું મંગળવારે ફાઇલિંગમાં જણાવાયું છે.

વધુમાં, ઇન્ડિગોએ જણાવ્યું હતું કે તે આ આદેશનો વિરોધ કરશે, તેથી આ આદેશ કંપનીના નાણાકીય, કામગીરી અથવા અન્ય પ્રવૃત્તિઓ પર કોઈ નોંધપાત્ર અસર કરશે નહીં. અલગ રીતે, સંયુક્ત કમિશનર, લખનૌની કચેરીએ 2021-22 ના સમયગાળા માટે ઇન્ડિગો પર 14,59,527 રૂપિયાનો દંડ લાદ્યો છે.

ઇન્ડિગોના પેરેન્ટ ઇન્ટરગ્લોબ એવિએશનએ અન્ય નિયમનકારી ફાઇલિંગમાં જણાવ્યું હતું કે વિભાગે ઇનપુટ ટેક્સ ક્રેડિટ મેળવવાનો ઇનકાર કર્યો છે અને કંપની પર વ્યાજ અને દંડની માંગણી કરી છે. કંપની માને છે કે અધિકારીઓ દ્વારા પસાર કરાયેલો આદેશ ભૂલભરેલો છે. વધુમાં, કંપની માને છે કે બાહ્ય કર સલાહકારોની સલાહને સમર્થન આપીને, ગુણવત્તા પર તેનો મજબૂત કેસ છે, .

કંપનીના જણાવ્યા અનુસાર, તે યોગ્ય સત્તાવાળા સમક્ષ આ આદેશનો વિરોધ કરશે, અને તેની નાણાકીય, કામગીરી અથવા અન્ય પ્રવૃત્તિઓ પર કોઈ નોંધપાત્ર અસર થશે નહીં.

## સુડોકુ ૭૪૧૦ - 'કૃતિ'

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૩ | | ૧ | | ૪ | ૫ | ૯ | ૨ |
| | | ૪ | ૩ | | | ૭ | ૧ | |
| ૧ | ૫ | | ૭ | | | ૩ | | |
| | ૮ | | | | ૭ | ૪ | | ૫ |
| ૩ | ૯ | ૨ | ૪ | ૫ | | | | |
| ૪ | ૭ | ૫ | ૬ | | ૩ | | | ૯ |
| | ૬ | | | | | | ૫ | ૭ |
| ૫ | | ૭ | | ૩ | ૬ | ૯ | ૨ | |
| ૨ | ૪ | | | ૭ | | | ૬ | ૩ |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

## દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

### કમળો અને મૂળા

મૂળો મૂત્રલ છે. અને કમળા ના દર્દીને પેશાબ પીળો થાય છે. ઘી માં વઘારેલું આશરે સો ગ્રામ મૂળા નું શાક, રોગીને ફાયદો કરે છે. સાથે સવાર સાંજ એક એક ચમચી ત્રિફલા ચૂર્ણ પાણી સાથે લેવું. પેશાબ છૂટથી થશે પિત્તરંજક દૂર થશે. શાક માટે મૂળા ના પાન સફેદ ભાગ કરતાં વધુ લેવા.

## શબ્દગુંફન - ૭૧૩૩

અરવિંદ એસ. મારૂ

**આડી ચાવી**
૧. પંખીઓમાં મોખરાનું ગાયક પક્ષી (૪)
૪. ખુશબો, સુગંધ (૩)
૭. મોંલૂછણિયું (૩)
૮. એક નળાકાર વાસણ (૩)
૧૦. નવું, નવલું (૪)
૧૨. એક સૂકો મેવો (૨)
૧૩. રસ્તો, રાહ (૨)
૧૪. અનુકરણ (૩)
૧૬. સિંહ (૪)
૧૮. ફરિયાદ, ન્યાય (૨)
૧૯. ''જીને કી... એક ફિલ્મ (૨)
૨૦. રાજા (૨)
૨૨. નમ્રતા, નરમાશ (૫)
૨૫. હોડ, કરાર, બોલી (૩)
૨૮. નુકસાન (૨)
૨૯. એક સરખું (૪)
૩૨. કુસ્તીબાજ (૨)
૩૩. ઘોડો (૨)
૩૪. રૂપાનું, ધોળાશ પડતું (૩)
૩૫. નકામું, બાદ કરેલું (૨)

**ઊભી ચાવી**
૨. સંતોષ (૩)
૩. અગત્ય, જરૂરિયાત (૩)
૪. મંદ સ્મિત (૪)
૫. પ્યાલો (૨)
૬. ભરેલું નહિ એવું (૨)
૯. વાક્ય,આદેશ (૩)
૧૦. આકાશ (૨)
૧૧. સૂર્ય (૩)
૧૩. પીડા, કંટાળેલું (૨)
૧૪. મોટી નદી (૨)
૧૫. થોડા વાળની સેર (૨)
૧૬. વહેવું તે, વહેણ (૩)
૧૭. રાજાને કરાતું સંબોધન (૩)
૧૮. રમતમાં આવતો વારો (૨)
૨૦. મસાલામાં વપરાતું એક વસાણું (૨)
૨૧. એક રૂપાળું પંખી (૨)
૨૩. ચિંતન (૩)
૨૪. ગાયન ના ઠોકનું માપ (૨)
૨૫. એક ગ્રહ (૨)
૨૬. એકાગ્ર, લીન (૩)
૨૭. રોષ, ગુસ્સો (૨)
૨૮. અવસ્થા, સ્થિતિ (૨)
૩૦. ગૌરવ યુક્ત (૨)
૩૧. તંતુ, દોરો (૨)
૩૨. અભિપ્રાય (૨)
૩૩. મર્યાદા, સીમા (૨)

## આજનું પંચાંગ

**તા. 31/12/2025, બુધવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1947
**વીર સંવત :** 2552 **માસ :** પૌષ
**તિથિ:** સુદ: બારસ : 25:49
**રાષ્ટ્રિય દિનાંક :** પૌષ : 10
**અયન :** ઉત્તરાયણ **ઋતુ :**શિશિર
**નક્ષત્ર :** કૃતિકા : 25:31
**યોગ :** સાધ્ય **કરણ:** બવ
**રાશિ:** મેષ (અ.લ.ઈ.) 09:24 પછી વૃષભ (બ.વ.ઉ.)
**દિવસ :** સામાન્ય-રામ પ્રતિષ્ઠા મહોત્સવ, પુત્રદા ભાગવત એકાદશી
**સુરતમાં સૂર્યોદય :** 07:17 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:06 **નવકારસી:** 08:05
**પારસી વર્ષ :** 1395, અમરદાદ માસનો 19મો રોજ
**મુસલમાન વર્ષ :** 1447, રજ્જબ માસનો 10મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્‌વેગ, ચલ, લાભ
**રાત્રિનાં ચોઘડિયાં:** ઉદ્‌વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્‌વેગ
**રાહુ કાળ :** બપોરે : 12:00 થી 13:30 સુધી

## આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

**મેષ (અ,લ,ઇ,):** નવા રોકાણથી લાભ થાય. ઉઘરાણી આવે. ઘર પરિવારમાં આનંદમય વાતાવરણ રહે. ધીરજ રાખવી.

**વૃષભ (બ,વ,ઉ,):** મન અતિ ચંચળ અને ક્રિયાશીલ રહેવાથી કામમાં વિલંબ થાય. યાત્રા-પ્રવાસમાં મિલન મુલાકાત થાય.

**મિથુન (ક,છ,ઘ,):** ગુપ્ત શત્રુઓથી સાવધાન રહેવું ઘરમાં વડીલોના આરોગ્યની સમસ્યા અને ખર્ચા સતાવશે.

**કર્ક (ડ,હ,):** પ્રેમ પ્રસંગોમાં ધીરજ અને તાલમેળ રાખવો. ઇર્ષાળુ મિત્રોથી નુકસાન થઇ શકે છે. શેર બજારનાં કામ થાય.

**સિંહ (મ,ટ,):** નોકરીમાં નવી જવાબદારીથી પ્રભાવ વધશે. ધંધામાં આવક વધે. સમાજમાં ધીરજ રાખવી.

**કન્યા (પ,ઠ,ણ,):** ઉચ્ચ શિક્ષણ અને પરીક્ષામાં સફળતા મળે. નોકરીમાં ઉપરી વર્ગનો સાથ મળે. પ્રવાસ થાય.

**તુલા (ર,ત,):** પીકનીકના આનંદમાં ખાવા-પીવાનું ધ્યાન રાખવું. પેટ અને પાચનતંત્રની સમસ્યા થઇ શકે છે.

**વૃશ્ચિક (ન,ય,):** જીવનસાથીનો સાથ મળે. સામાજિક કામમાં પ્રગતિ થાય. ઉંમરલાયકના વિવાહની વાત ચાલે.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** નોકર-ચાકર, ચોર-લુટારુથી સાવધાન રહેવું. ઉત્સાહજનક સમાચાર મળે. આંખોની કાળજી રાખવી.

**મકર (ખ,જ,):** જૂના મિત્રોની મુલાકાત થાય. નવા રોકાણથી લાભ થાય. સંતાનોના કામમાં મદદ મળે.

**કુંભ (ગ,સ,શ,ષ,):** આવક વધારવાની યોજના પાર પડે. ઘરમાં અવરજવરથી અશાંતિ પેદા થાય. પ્રવાસ થાય.

**મીન (દ,ચ,ઝ,થ,):** કાર્યક્ષેત્રે નવી તક મળે. નોકરીમાં પ્રભાવ વધે. મિત્રો વગેરેની મદદથી નવા કામનો આરંભ થાય.

## કોઇ પણ સાલમાં 31 ડિસેમ્બરે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સંઘર્ષનો અનુભવ કરાવનાર રહેશે. નોકરી-ધંધા-વ્યવસાય અને સમાજ વગેરેમાં હરીફોની હેરાનગતિ વધશે. હરીફાઇમાં સતત વ્યસ્ત અને દોડધામમાં રહેવું પડશે. ટેકનોલોજી અને સરકારી નીતિ પ્રમાણે કામ કરવું પડશે. આર્થિક બાબતે ચડતી-પડતી રહે. પરિવારની અપેક્ષાઓ સતાવે. સંતાનોના અભ્યાસ કેરીયરમાં મિત્રો-વડીલોની મદદ મળે. આરોગ્ય નરમ-ગરમ રહે. ઉઘરાણીની ચિંતા સતાવશે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં પ્રગતિ થાય. નવા નોકરી ધંધા વ્યવસાયમાં ચડતી-પડતી સાથે નવી તકોથી ઉત્સાહિત રહેશો. ઊંમરલાયકના વિવાહ થાય. નવા ઘર, વાહન, મકાનની યોજના શરૂઆતમાં પૂર્ણ થઇ શકે છે. મિત્રોની મદદથી વધારાની આવકની યોજનામાં પ્રગતિ થાય. વિદેશનાં કામ ધીમાં પડે. વિદ્યાભ્યાસમાં પ્રગતિ થાય. નવા રોકાણમાં ધીરજ રાખવી. યાત્રા-પ્રવાસ ધર્મ કર્મથી શાંતિ મળે. જૂન-જુલાઇમાં ભાગ્યનો સાથ મળે. નવેમ્બર ડિસેમ્બરમાં ખર્ચા અને બહારના કામનો બોજ વધશે.

## જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-30 (ભરવાલાયક) | ૪૪૦૦ |
| એમ-30 | ૪૩૫૦ |
| એસ-30 | ૪૩૦૦ |
| **ગુજરાત** | |
| એમ-30 | ૪૩૦૦ |
| એસ-30 | ૪૨૫૦ |

## તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૭૮૦ | કોપરેલ | ૬૩૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૫૮૦ | વનસ્પતિ ઘી | ૨૩૨૦ |
| સીંગતેલ (૫ લી) | ૮૩૦ | સનફ્લાવર | ૨૩૫૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૩૯૦ | તલતેલ | ૪૯૫૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૧૫૦ | દિવેલ | ૨૪૯૦ |
| કપાસીયા (૫ લિ.) | ૭૮૦ | મકાઇ તેલ | ૨૩૫૦ |
| સરસીયું તેલ | ૨૯૦૦ | | |

## સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૩૯૬૪૦ |
| તેજાબી સોનું | ૧૩૯૫૫૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૩૨૬૬૦ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૩૬૮૫૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૩૯૬૪૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૪૫૬૦૦ |
| ચાંદી સિક્કા | ૨૪૭૧૦૦ |

## યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ) નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૧૧ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૩૩ | ૫૦/૩૬ '' | ૧૨૦ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૨૯ |
| ૩૦/૩૬ એફડી | ૨૩૮ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૧૮૫ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૧૪.૫૦ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૨૧ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૪ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૬૧ |
| ૬૮/૩૬ | ૧૧૯ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૨૨ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૧૮ | ૧૦૦ ટેક્ષ | ૧૨૩ | ૬૮ ક્રિમ્પ | ૧૨૦ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૧૨ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૧૯ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૧૩ | ૮૦/૭૨ રોટો | ૧૨૦ | ૭૫ ક્રિમ્પ | ૧૧૬ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૫૮ | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૨૯ | ૮૦ ક્રિમ્પ | ૧૧૫ |
| ૮૦/૭૨ રોટો. | ૧૧૭.૫ | ૧૬૦ ડીસ્કેટ | ૧૨૯ | ૮૦/૭૨ રોટો | ૧૧૮ |
| ૮૦/૩૬ રોટો. | ૧૧૬ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૧૨ | ૮૦/૧૦૮ '' | ૧૨૪ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૧૬ |


**ઉમરગામ નગરપાલિકા**
**ટેન્ડર નોટીશ**

ઉમરગામ નગરપાલિકા દ્વારા વ્યવસાયવેરા યોજના ૨૦૨૪-૨૫ તેમજ નિર્મળ ગુજરાત ૨.૦ યોજના વર્ષ ૨૦૨૫-૨૬ અંતર્ગત નીચેના કામો માટે ઓન લાઇન ટેન્ડરથી ભાવો મંગાવવામાં આવે છે. જેની વિગતો www.tender.nprocure.com તા.૦૨-૦૧-૨૦૨૬ના રોજ થી તા.૧૩/૦૧/૨૦૨૬ ના રોજ ૧૭:૦૦ કલાક સુધી ભરી શકાશે.

| અ. નં | કામનું નામ | (૧) અંદાજીત ખર્ચ (૨) ઇ.એમ.ડી. (૩) ટેન્ડર ફી (૪) કેટેગરી |
|---|---|---|
| ૧ | વોર્ડ નં.૩ સંજાણ મેઇન રોડ ડોસલા મહાદેવ મંદિર રોડ પર ડામર રોડ બનાવવાનું કામ, વોર્ડ નં.૩ કાકડીયામોરા મુન્નીબેનના ઘરથી આંગણવાડી રોડ પર સી.સી રોડ બનાવવાનું કામ, વોર્ડ નં.૩ ડમરૂવાડી આંતરીક ગલીઓમાં સી.સી રોડ બનાવવાનું કામ, વોર્ડ નં.૩ ગોકુલધામ મેઇન રોડથી વિપુલ રાયના ઘર સુધી સી.સી રોડ બનાવવાનું કામ. (ટેન્ડર આઇ.ડી. - ૨૫૯૩૨૮) | ૨૯,૫૦,૧૮૩.૦૦ ૨૯,૫૦૦.૦૦ ૧૫૦૦.૦૦ "ઈ ૧" ક્લાસ અને તેની ઉપરની શ્રેણી વ્યવસાયવેરા યોજના ૨૦૨૪-૨૫ |
| ૨ | ઉમરગામ નગરપાલિકાના વિવિધ વિસ્તારોમાં આઠ (૦૮) જગ્યાઓ પર જીવીપી પોઇન્ટ બનાવવાનું કામ. (ટેન્ડર આઇ.ડી. - ૨૫૯૩૩૩) | ૭,૮૧,૮૦૪.૦૦ ૮,૦૦૦.૦૦ ૯૦૦.૦૦ "ઇ-૨" ક્લાસ અને તેની ઉપરની શ્રેણી નિર્મળ ગુજરાત ૨.૦ યોજના વર્ષ ૨૦૨૫-૨૬ |

નોંધ :- બાનાની રકમ તથા ટેન્ડર ફીનો ડી.ડી. અને જરૂરી ડોક્યુમેન્ટ તા.૧૭.૦૧.૨૦૨૬નાં રોજ બપોરે ૧૬:૦૦ કલાક સુધીમાં નગરપાલિકા કચેરીએ રજી. પોસ્ટ એડી/કુરીયર થી પહોંચતા કરવાના રહેશે. તેમજ સ્કેન કોપી ટેન્ડર સાથે અપલોડ કરવાની રહેશે. ટેન્ડર ઓપન કરવાની (સંભવિત) તા.૧૯.૦૧.૨૦૨૬ ના રોજ ૧૨:૦૦ કલાક રહેશે. ટેન્ડરનાં તમામ હક્કો નગરપાલિકાને અબાધિત રહેશે.

નોંધ :- ઠેકેદારે પોતાનો ઇ.પી.એફ. નંબર ફરજીયાત લખવાનો રહેશે. જેની નકલ ડોક્યુમેન્ટ સાથે જોડવાની રહેશે. સરકારશ્રીનાં નિયમ મુજબ જી.એસ.ટી. લાગું પડશે.

અંકુશ એસ. કામળી, કારોબારી ચેરમેન, ઉમરગામ નગરપાલિકા
મનીષ એન. રાય, પ્રમુખ, ઉમરગામ નગરપાલિકા
એ.એચ.સિન્હા, ચીફ ઓફીસર, ઉમરગામ નગરપાલિકા

ન. માહિતી/વલસાડ/૭૬૧/૨૦૨૫